**<u>ફોજદારી અપીલ નં. ૨૨/૨૦૨૬</u>**

**<u>આંક–૫ ની અરજી લગત હુકમ</u>**

એપેલન્ટ તરફે વિદ્વાન વ.શ્રી ડી.જે.ભારવડીયા તથા રીસ્પોન્ડન્ટ તરફે વિ.વ.શ્રી એ.એ.મુન્દ્રાને સાંભળ્યા. અરજી તથા સાથેના દસ્તાવેજો વંચાણે લીધા. એપેલેન્ટના વિ.વ.શ્રીની રજુઆત છે કે સદર કામે રીસ્પોન્ડન્ટને ચેક મુજબની લેણી રકમ એપેલેન્ટે ચુકવી આપેલ છે. રીસ્પોન્ડન્ટ તરફે રજુઆત છે કે, ચેક પેટેની લેણી રકમ રીસ્પોન્ડન્ટને મળી ગયેલ હોય એપેલેન્ટને જામીન મુકત કરવા સામે રીસ્પોડન્ટને વાંધો નથી. અરજીની હકીકત ધ્યાને લેતાં એપેલન્ટ સામેનો ગુનો નોન–કોગ્નીઝેબલ છે, એપેલેન્ટે ચેક મુજબની લેણી રકમ રીસ્પોન્ડન્ટને ચુકવી આપેલ છે. આરોપીને કરવામાં આવેલ સજા અને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાનમાં લેતા આ અપીલના કામે રોકડ રકમ ૨૦ ટકા ડીપોઝીટ કરવાનો હુકમ કરવો ન્યાયોચીત જણાતો નથી તથા અપીલ ચાલતા દરમ્યાન વિદ્વાન નીચેની અદાલતના સજાના હુકમને મોકુફ રાખવામાં આવે તો તે ન્યાયોચિત જણાય છે. તેથી નીચે મુજબ હુકમ ફરમાવું છું.

**<u>–: હુ ક મ :–</u>**

વિદ્વાન ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નંબર ૩૦૫૮/૨૦૨૩ના કામે તા.૨૫/૦૨/૨૦૨૫ના રોજ ફરમાવેલ સજાનો હુકમ નીચેની શરતોને આધીન મોકુફ રાખી એપેલન્ટ/આરોપીને અપીલ ચાલતા સમય દરમ્યાન જામીન પર છોડવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

(૧) આરોપી/એપેલન્ટે રૂા. ૨૫,૦૦૦/– (રૂપિયા પચીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાત મુચરકા આ અદાલતમાં રજુ કરવા.

(૨) આરોપી તથા જામીનદારે પોતાના રહેણાક તથા ધંધાના સરનામા અને મોબાઈલ નંબર/કોન્ટેક નંબર લેખીત પુરશીશથી જાહેર કરવા અને આ અદાલતની પરવાનગી વગર ફેરફાર કરવો નહી. જામીનદારે છ માસથી જુના ન હોય તેવા બે ફોટોગ્રાફસ જામીનખત આપતા સમયે રજુ કરવાના રહેશે.

(૩) આરોપી/એપેલન્ટે આ અદાલતની પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૪) આરોપી/એપેલન્ટે હાલની અપીલની સુનાવણી જે તારીખે રાખવામાં આવે તે તારીખે અદાલતમાં જાતે તેમજ વિદ્વાન વકીલશ્રી સાથે અચુક હાજર થવાનું રહેશે.

(૫) આરોપી/એપેલન્ટ તરફથી અપીલની સુનાવણી દરમ્યાન કોઈ વિલંબ કરવામાં આવશે તો આ હુકમ રદ્દ કરી આરોપી/એપેલન્ટને કસ્ટડીમાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે.

એપેલેન્ટ હાલ વિદ્વાન ટ્રાયલ કોર્ટમાં સરન્ડર થયેલ હોય આ હુકમની નકલ વિદ્વાન ટ્રાયલ કોર્ટને જાણ અર્થે મોકલવી.

આ હુકમ આજરોજ તા.૦૯ માહે માર્ચ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
સ્થળઃ ખંભાળીયા.
(ડી.એચ.ઠાકર)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સેશન્સ જજ
દેવભૂમિ દ્વારકા, મું.ખંભાળીયા.
GJ00345

Sessions Judge, Khambhalia
Dt.09.03.2026